ॐ

श्री परमात्मायनमः

સૌભાગ્ય પાર્વતી.

શ્રી

પ્રભુપદમાળા.

રચી પ્રસિદ્ધ કરનાર.

શા. પુંજાલાલ પ્રાણજીવનદાસ.

પ્રત. ૫૦૦.

સને ૧૮૬૭ ના ૨૫ મા એક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવી છે

અમદાવાદ.

ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૪ સને ૧૮૯૮.

કીંમત. રૂ. ૦-૨-૦

પ્રસ્તાવના.

કાળી દુનીયામાં જન્મ પામેલા મનુષ્યોને કીરતારનો ઉપકાર માનવાની અવસ્ય જરૂર છે. ચાલતા જમાનામાં બાળકોને તેમજ ચાળુ સમજુ શોખીન મનુષ્યો નીરર્થક ગાયનો ગાવાનો શોખ વધારે છે તેમજ બાળપણથી ધર્મજ્ઞાન નહીં મળવાથી દુરાચારને વશ થઇ સુગ રસ્તા પડતા મુકી દુષ્ટ રસ્તા પકડવામાં તથા પ્રેમને વશ થઈ ઇશ્વરી નીયમનું ઉલંઘન કરવામાં એક પળની પણ ઢીલ કરતા નથી તેવાં મનુષ્યો સુગ રસ્તા તરફ દોરવાય તેમજ ઇશ્વરી નીયમ પાળવાં તરફ તેમના લક્ષ ખેંચાય તેવા ઇરાદાથી આ લઘુ પુસ્તક બાહાર પાડ્યું છે.

આ લઘુ પુસ્તક બાહાર પાડવામાં મારા મીત્ર મી. બળવતરાય મોતીરાય દિક્ષીત તથા મી. ભોગાભાઈ છગનલાલે મને સંપુર્ણ મદદ આપીછે અને તેથી તેમનો હું મોહોટો આભારી છું.

લી. શા. પુંજાલાલ પ્રાણજીવનદાસ.

દોહરો.

પરમેશ્વર જો પાધરો, શત્રુથી શું થાય;
પથરા ફેંકે પાપી તે, ફૂલ થઇ ફેલાય.
પરનું બીગાડતાં પડે, જોખમ આપ જરૂર;
નાશ કરતાં **શ્રી રામનો**, રઝળ્યો રાય લંકાપુર.
કહે પુંજાલાલ નરનારને, નીશ્ચે રાખો મન;
''ખાડો ખોદે તે પડે, અવર ન મરે કો જન.

સૌભાગ્ય પાર્વતી
શ્રી
પ્રભુ પદમાળા.

શ્રી જગતપતી.

માતુ સરસ્વતી, દીઓ દાસને સન્મતી,
રચવા નવીન પદમાળા, અર્પો વીશાળ મતી. માતુ
ભર્ત ભુમીમાં કલ્યુગ કાળે, નવીન નાટચ રચાય,
ગાનતાનમાં ગુલતાન થઇને, ભૂલે નીજ ધર્મ બાળ. માતુ
ધર્મ પ્રવર્તવા ધારી મેં તો. આરંભ્યું શુભ કામ,
કરદંડ વિણા ધારી માતુ, સફળ કરો મુજ કામ. માતુ
મયુર તણું વાહન ધારીને, બેઠાં શોભીત માત,
મનકામના પરીપુર્ણજ થાવા, કરો સહાય તુજ બાળ. માતુ

પંચરાગી ગરબો.

હરીહર ઇશ કૃપાળ, ભક્ત વત્સલ દીનદયાળ
શીશ નમાવીએ શ્રી કૃષ્ણ નેરે.
ધારી ધનુષ્ય બાંણ કરમાં શ્રી રામજી
રૂપી કષ્ટ કાપ્યાં મોરારીરે.

સાખી.

દ્વારકાંથી પણ આજે પ્રભુ, કર્યું ધામ ડાકોર:
નરનારી ટોળે મળી, નીરખે શ્રી ઠાકોર

ઠેકડો.

દર પુનમે કંઈ નરનારી જાય,
દરશન કરવાને શ્રી પ્રભુ દીલ ચાહ.
ગોમતીમાં સ્નાન કરી પવીત્ર થાય,
તનમનથી પ્રભુજી ગુણ ગાય.
ધન્ય ધન્ય શ્રી રણછોડરાય જેણે નીરખ્યારે,
નીતી રીતી (ને) સંસારમાં રહી, પ્રભુજીને પરખ્યારે.
કરો કૃપા શ્રી રઘુનાથ અંતરજામી,
અરજી ઊર ધરજો ઊર ધરજો.
પાપ તાપ શેવકના નીવારીરે,
અરજી ઊર ધરજો ઊર ધરજો.
લાગે પુંજાલાલ તુજ પાયેરે,
અરજી ઊર ધરજો ઊર ધરજો.
સુત પ્રાણજીવન તણો આજરે,
અરજી ઊર ધરજો ઊર ધરજો.

હિંડી.

સુણો રઘુનાથ તમે, આજ સ્તુતી મારી,
કરૂં વીનતી આજે, ફીકર જોડી તારી;
આશ્રય આપો મુને, પૃથ્વી પતી ભારી. સુણો.

ચઢાવું ચંપા પુષ્પ, કમળફુલ સારાં,
સુખ આપી મને, કષ્ટ કાપો મારાં;
દાસ ઉપર કરો, મહેર મનધારી. સુણો.
ધરી ધનુષ્યબાણ, રૂપી કષ્ટ કાપ્યાં,
ભોગવી વનવાસ, તેઓને સુખ આપ્યાં;
એમ આપો મુને, વિનતી આ સ્વીકારી. સુણો.
દાસ પુંજાલાલ વિનવે, પ્રભુજી પ્યારાં,
કરો ક્ષમા પાપ તાપ બાળકેરાં;
દીનપર કૃપાકરી, આશા પુરો મારી. સુણો.

ગીતી.

ભક્તી નવ કરી આ જગમાં, સમર્યો નહીં કીરતાર અરે જેણે,
ખરની માફક માહાલી, વૃથા જન્મ ગુમાવ્યો તેણે.
ભક્તી જગમાં સસતી, રાય રંક બંન્નેને એક સરખી,
સંસાર સાગર તારી, આપશે ઇંદ્રપુરી સુખ અવીનાશી.

ભરૂસો નથીરે.

ચેતનનો ભરૂસાં નથીરે, ઓ પ્રાણી તુજ ચેતનનો ભરૂસાં નથીરે.
પ્રીતમ કારણ દેહ ધરાવી, તરછોડી ચાલે રીતી કોણે કહીરે. ચેતન.

સાખી.

ચાલે શ્વાસ જ્યાં લગી અરે, સંભાળે તુજ નામ.
માત તાત સહોદર મળી અરે, દર્શાવે તુજને પ્યાર, ચેતન.

સાખી.

જુવાન અવસ્થામાં અરે, પાપ તણા ન સુમાર,
કર્મ તણાં ઝાઝ ભર્યાં ઘણાં, અંશ પુણ્ય તણો ન લગાર. ચેતન.

સાખી.

સંત સમાગમ ન કર્યો અરે, થયો વિષય સુખમાં લીન.
મનમાં પ્રફુલીત થતો ખરે, નાંખી મુખમાં ધુળ. ચૈતન.

સાખી.

પુંજાલાલ તુજ પાસ વીનવે, હો પ્રાણી દુનીયામાંય,
સુખ દુઃખ કર્મે કરી થાયછે, પુણ્ય પાપ તણો આધાર. ચૈતન.

પંડીતાઈ પળમાં

યુવાન અવસ્થા ક્ષણમાં ચાલી જાય છે.
જુસ્સો જોર, (૨) યુવાન અવસ્થા ક્ષણમાં ચાલી જાયછે.
ધર્મ ધ્યાન સુધી બુદ્ધી, નીતી, રીતી
વિદ્વતા વેગે વિનાશ થાય છે. યુવાન.
પ્યારામાં પ્યારી, વહાલામાં વહાલી દેહ,
જરૂર જીવ માયા છોડી જાય છે. યુવાન.
દાસ પુંજાલાલ વદે રે ભાખ્યો,
મરણ સમય કાયા કંપ કંપ થાય છે. યુવાન.

બતાદે સખી

બતાદે સખી કોન ગલનમે મોરો કાન
ગોકુળ ઢુંઢી બીંદ્રાબીન ઢુંઢી, સખી ઢુંઢ રહી સબધામ. બતાદે
મુજ પીયુ બીન મુઝે ચેન પડત નહીં
નવ ગમે સજવા શણગાર. બતાદે.
રમતી રસીલા સાથે જુમનાની તીરે,
વાહાલો વગાડે સુંદર વીણ. બતાદે

રાસ રમત રંગે, સુંદર શામળીયા સંગે,
વા'લા યાદ આવે તુજ વેણુ. બતાદે.
દાસ પુંજાલાલ વિનવે પ્રભુજી તુને,
શાવકને કેળવો જાણી નીજ બાળ. બતાદે.

વટસાવીત્રી

ચાલો ચાલોરે દંપતી આજ, શ્રી નાથજી જઇએરે,
ધરી પવીત્ર વસ્ત્રો અંગ, દરશન કરીએરે,
કરીએ પુજન પ્રભુનું આજ, દંપતી સંગેરે,
જેથી પાપ કર્મ છુટાય, સઉ દુઃખ તજીએરે.
યાત્રા કરી શ્રી નાથ નીરખો તમો
તો તો મંગળ તમારૂં થાયરે, કલ્યાણ કર પ્રાણી તુજ દેહનુ ખરે.
ધર્મ પુસ્તકમાં વર્ણન શું એનું લખ્યું
સાંભળે કલ્યાણ તમારૂં થાયરે, કલ્યાણ કર પ્રાણી તુજ દેહનું ખરે.
ભવ્ય કપાળ ચળકે છે તમારાં, શશી સમ કેશ સુશોભીતં સારાં
એ સહુ રહેશે રૂપાળાં, કર્તા શ્રી નાથસંભાળો.
નમે છે પ્રાણ સુત પુંજાલાલ તુજ પાયે, માગુ મારૂં હું વારંવારે,
વણીક દિશાવાળ કહેવાયે, કર્તા શ્રી નાથ સંભાળો.

ડરમા તુ દીલ સાથ.

ઘરમાં ફીકર મમ ભ્રાત, મનમાં ઘરમાં ફીકર મમ ભ્રાત
તુને સહાય થશે જગતાત, મનમાં
તુને સંભાળે પ્રીતીથી પાળે, શ્રી નાથ બાવા તુજ રક્ષણ કરીલે
વસ્ત્રો અનોપમ અંગે ધરજે, ચાલ તું મન મહીં આકૃતી ધરજે

ધામ કેવું દીસે છે રંગબેરંગી, ચાલ, ચાલ, ડરમાં કોનીબીકધરેછે
ભક્તી ધર શ્રી નાથ તણી મન સાથ, મનમાં

ગીરધારીરે વાત.

શ્રી નાથજી રે વિનતી કરૂં એક મારી, ધરજો રૂદેમાં ધારી
ખું હું; ખરે પાપી અનાથજ પ્રાણી, કરસાહીલેજો તાણી.

ઝુલ.

મેં અગાધ કર્મજ કીધાંરે,
કંઇકના ધન હરી લીધાંરે,
પુણ્યદાન નવ કાંઈ કીધારે,
હું રસ્તેરે ફાળ ભરી મેં ભારી, ધરજો રૂદેમાં ધારી. શ્રીનાથ.

ઝુલ.

મીઠું બોલી પ્રપંચમેં કીધારે;
ભક્ત જનોને દગા દીધારે,
સુ પંથ કદી નવ લીધારે,
હું પાપીરે, પસ્તાઊં હવે ભારી, ધરજો રૂદેમાં ધારી. શ્રીનાથ

ઝુલ.

ખટ શત્રુએ મુજને ઘેર્યોરે.
કંઠ સાહી દધીમાં ડુબાવ્યોરે,
ગોથાં ખાય ખરે તું જ બાળરે,
ત્યારે સંભાળુ હેતાત ભક્તી તમારી ધરજો રૂદેમાં ધારી. શ્રીનાથ

જેણે પત્ર પુષ્પ.

પ્રાણ ધર્યા જેણે જગતમાં અરે અરે અરે
જીવન હારી કોઈ કાળ નવ ફરે ફરે ફરે
સું પાપી જાળમાંહે તરફડે સીંહુ બાળ, પુરૂપ કોઇન નીરધાર
જાગ્રત અવસ્થામાંહે, જે ભાગ્યશાળી ભક્તજન પુર્વભાવ હશે.
તેનો કર સાહી પ્રભુજી દધીપાર ઉતારશે. પ્રાણ.
જેણે દાન પુણ્ય પુર્વે કીધાં હશે બહુ, કાયાદમીદવો રીજવ્યા હશેસહુ
લાવે મનમાં નીરધાર, લક્ષ ભક્તી તણા સાર, થાય તેહનો ઉદ્ધાર,
ભવદધી ઉતરે પાર, રામકૃષ્ણ પ્રભુ પદ જેણે પુજ્યા હશે, તેને
પ્રભુજી સહાય જરૂર જગતમાં થશે. પ્રાણ.

આશુ આંસુકે.

આશું થાવા બેઠું આજે આ સંસારમાં.
કુડ કપટે બી રોપ્યાં સઘળાના તનમાં.
ઘણા પ્રાણીઓ ભેળાં મળીને, ભોળવે કંઈ નરનાર,
અલ્પ સુખ પોતે ભોગવીને, પાછળથી પસ્તાય. આશુ
કાળાં ધોળાં કંઇક કરે પણ, મેળવે કંઇ નવ સાર,
ખાલી ફાંફા મારી પોતે પાપ કરે અપાર. આશુ
લોક વહેવાર ઉપરથી બતાવે, છરી રાખે દીલ માંહે,
લાગ તકાશી કાપે પોતે, કંઈક તણી તો કાય આશુ
કેશર કુમ કુમ કરી પોતે દરશન કરવા જાય,
મનની અંદર કાંતી રાખીને, ભજે શ્રી ભગવાન. આશુ
એમ ભગવાન મળે ન તુજને, મુક્તી ન મળશે ક્યાંય,

અંતર ચોખ્ખું રાખી તારૂં, ભજને શ્રી કૃપાળ. આશું
કાળ ટહી નવ મુકે તુજને, ભોળવ્યો નવ ભોળવાય,
દાસ પુંજાલાલ વિનવે તુજને, આપણો એક કરતાર આશું

ઓધવજી સંદેશો.

કરમ તણી કંથની, પ્રભુજી ક્યાં જઇ કરૂં,
તુજ વીણુ પ્રભુજી મુજને નહીં આરામ જો;
કોમળ મારી કાયા, કરમ કઠણ અરે,
લલાટ લખ્યું, મીથ્યા નવ થાય જો. કરમ
હું પાપી પ્રભુ, નરકાધીકારી થયો ખરે,
મરણ સમય કાયા થરથર થાય જો.
લક્ષ્મીના સ્વામી, સંભાર્યો નહીં અરે,
તેનો એળે ગયો, મનુષ્યા દેહ અવતાર જો. કરમ.
પાપી પગલાં ભરતાં, બીન્યો નહીં અરે,
ખટ શત્રુએ ઘેર્યો મુજને આંહી જો;
પ્રાણજીવન સુત પુંજાલાલ, તુજને નમે,
નીરાધાર પ્રાણીને પ્રભુ તણો આધાર જો. કરમ.

કુંવરી કુંવર મારા લાડકાં

પ્રાણી અરે તેં આ શું કર્યું, કર્યો કાંઈ ન વીચાર,
એળે ગુમાવ્યો જન્મ તેં સમર્યા નહીં કીરતાર. પ્રાણી
બાલ્યાવસ્થા ગાળી રમતમાં, મધ્યમે ગયો નીશાળ,
યુવાન અવસ્થા જતી રહી, કરતાં પાપ અપાર. પ્રાણી.
વૃદ્ધ અવસ્થા વહી ગઇ, કરતાં આળ પંપાળ,

ધ્યાન ધર્યું નહીં પ્રભુ તણું રાખ્યા હૃદે નહીં ગોપાળ પ્રાણી.
વૃદ્ધા અવસ્થા આવી રહી, થર થર કંપે કાય,
વિચાર કરે રે તે સમે, થાશે શું પ્રભુને ત્યાંય પ્રાણી.
માટે અરેરે પ્રાણીયો, ભજો ભજો શ્રી નાથ
એળે જન્મ નવ ગુમાવશો, રક્ષણ કરશે કીરતાર. પ્રાણી.
દાસ પુંજાલાલ વીનવે, કરને કાંઈ વિચાર,
રામ રટણનો નહીં મળે અવસર વારંવાર પ્રાણી.

પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે.

પુરી મંડળી પ્રભુજી આજે મળીરે.
જાણવા તુજ ગુણ તણો મહીમાય,
લાલ મંદીરમાં રાસ રંગે રમોરે.

સાખી.

ધરીએ છત્ર પ્રભુ અરે, સુણીએ તુજ તણા ગુણ જ્ઞાન
પાપ કર્મ છુટે અરે, ભક્તી તણું મન થાય.
રામજી મહેર કરીને નીજ સેવકને તારજ્યોરે,
ગાઇએ ગાઇએ તુજ ગુણ તણો મહીમાય. લાલ.

સાખી.

ચંદ્ર ચકોરી ચીત ચહે, મોર ઘટા ઘનશ્યામ,
શ્રી નાથ તુજ મુખ નીહાળતાં દુષ્ટ વાસના જાય.
ફરતાં ફરતાં તુજ ગુણ ગાતાં હર્ષે પ્રફુલ્લીત થાઉંરે,
વળી વળી જોઇએ પાછું તુજ તણું તો મુખ. લાલ.

સાખી.

અનાથ પ્રાણી આજે અરે, ડુબે ભવ દધી માંય
કર સાહી તેનો પ્રભુ, તારોને મહારાજ.
લક્ષ ચોરાશીનો ફેરો પ્રભુ ટાળો તમારે,
નમી નમી ચરણે લાગું તુજ તણા શ્રી નાથ લાલ.

સાખી.

સર્વ શક્તી તુજમાં હરી, પાપ પુણ્ય તણો આધાર;
જંગલમાં મંગળ કરે, જગભ્રાતા જગતાત.
કુમતી ટાળી સુમતી આપો તુજ સેવકનેરે,
પુંજાલાલ ના જન્મ મરણનો ફેરો ટાળજોરે. લાલ.

થયાંછોરે પતીતેજ પ્યારી.

જાણું છું રે પ્રભુ મુજ તનમનથી, તુજ ગુણ અરે અપાર
લાડ લડાવ્યાં અતી ઊમંગે, ઝાલી દાસ તણી બાંહ્ય; હાં.
જન્મ ધરીને, પાયપડીને, માગું ફરીને, ભક્તી કરીને,
પ્રભુ અપાર લીલા તુજ તણી તે, મુજથી કેમ સમજાય. જાણું છું.
સુજ્ઞ સંતોએ મુજ હૃદયરે, કેળવ્યું કરીને પ્રયાસ. હાં
નોતું મનમાં, અતી ઊમંગમાં, ધારીસ તનમાં, આરે ભવમાં,
શ્રી રણછોડ તણા ગુણગાવા, આ જગકેરી માંહ. જાણું છું
પ્રાણ જીવન સુત પુંજાલાલ વદે છે, તુજ તણો જે બાળ.
ઊદ્ધારો, ભવતારો, દુઃખવારો, અવધારો,
પ્રભુ તુજ ગુણ ગાવા દેહ ધર્યો, વળી કંઇ દશા દિશાથાય માંહ જાણું છું

ક્યાંથી આ શંભળાય.

તારોને દધીપાર, રઘુનાથ પ્યારા તારોને દધીપાર. તારોને
આ દેહ ધારી પાપી થયો હું, હાર્યો બાજી અપાર. તારોને
ખટ રીપુ દળમાં હું પેઠો, ન લહ્યો તત્વ લગાર. તારોને
કામણગારી જાળ સંસારી, કેમ નીકળીએ બહાર. તારોને
સપડાયોછું તુંજ બાળ અરેરે, કરઝાલીને ઊગાર. તારોને
સંસાર સુખમાં હર્ષે ભરાણો, પર ત્રીયાપર પ્યાર. તારોને
બગની માફક ધ્યાન ધરીને, ખેલ્યો આ સંસાર. તારોને
હું અજ્ઞાની તું નાથ દયાળુ, સઘળો તુજ આધાર. તારોને
સંસારી બાળપર કરૂણા કરોરે, પુંજાલાલ કરે પોકાર તારોને

અરે થયા છેવટ.

પ્રભુજી પ્યારા, રાખો ગરીબની લાજ,
સત્ય ધારીને, કુમતી દુઃખ કાપ. પ્રભુજી
લક્ષાધીપતી આવ્યા ગયારે, મેલી અરે ધનમાલ;
સુખ સંપતી પુત્ર પુત્રાદીક આદે, નહીં આવે સંગાથ. પ્રભુજી
રંક રાય પશુ પક્ષાદીકનો, એકજ સરજન હાર,
કોલ પોતાનો પાળે નહીં તે, ભટકે લક્ષ ચોરાશીવાર. પ્રભુજી
પાપ પુન્ય તણો મરણ વખતે, મળશે તમને સાર,
નર્ક સ્વર્ગ તણું દુઃખસુખ છે, આ ભવ કેરી માંય, પ્રભુજી

કહું શું નશીબે દુખીઓ કીધો છે.

વહુ શું નરસીંહજી દુખમાં પડયો છું;
વિષય સુખમાં હું; લીન થયો છું.

પ્રભુ કીરતન. કોઈ કાળ કર્યું નહીં;
દાન દયાનું તો, નામ લીધું નહીં. વદુ
જુવાની તોરમાં, ચાળા કર્યા બહુ;
મધ્યમે ગર્વીષ્ટ, બન્યો ખરે હું.
કુડ કપટથી તો કામજ કીધું,
અવળી સલાહથી ઊલંઘન કીધું. વદુ
વૃધ પણામાં વીકળીત થયો હું
કર્મે કરીને, દુઃખી થયો હું.
માગે પુંજાલાલ, માફી પ્રભુજી,
શેવક કર્મની, માફી બક્ષોજી. વદુ

સખીઓ નીજ નીજ

પ્રાણી પ્રભુ પ્રાર્થના, પ્રભાતે નીત સંભાળીએરે.
ચંદન કુમકુમ ચરચી અંગ, લાગી પ્રભુને પાય,
સાંતી સાંતી આપે પ્રભુ હમેશ તુજ ધામમાંરે.
કુચ્છંદમાં પડતાં જનને તારક ઝાઝ
ભક્ત જન ભાવે ભજીએ શ્રી રણછોડ રાયનેરે. પ્રાણી

સાખી.

મધુર સુધારસ સીંચતી, સુખમય છબી માહારાજ;
વદન પ્રફુલીત શીતળ દ્રષ્ટી, લક્ષ્મીના ના સીરતાજ.
પાપી પાપ કર્મની માફી તુજ આગળ માગતારે,
દીન દયાળુ બડભાગી ભક્ત વત્સળ માહારાજ. પ્રાણી

સાખી.

ગાનતાનમાં જીંદગી બધી, ખોઇ નફટ નાદાન,
જેણે જેવું કર્યું હશે, લેશે ધર્મરાજ હીસાબ.
સુંદર સણગાર ધારીને, ઉભા પાતળીયા સામળારે,
પ્રભુજી માફ કરો મુજ કર્મ તણો અપરાધ. પ્રાણી

વાહ બની બની.

વાહ ધર્યા ધર્યા સુંદર શણગાર, પ્રભુજી પ્યારા ધર્યા ધર્યા સુંદરશણગાર
કાને કુંડળ, કંઠે મોતી માળા, મુગટ શોભે ભારી.
આકૃતી તુજ અંતરમાં અરરરરરર વસી રહીરે. હા. હા. વાહ
વદન છે શશી સમરે સુંદર, વાઘ તુજ ચળકીત છે અપાર,
સકળ દેવોના દેવ, હરી બ્રહ્મા હરીહર માહાદેવ,
ઊતમ સ્લોક જગતપાળ, પુણ્ય સ્લોક પ્રણતપાળ,
તુજ ભક્તી માગું પ્રભુ આજ, અરે પ્રણતપાળ,
પ્રભુ રહી ગઇરે અંતરમાં સરરરરરર તુજ મોહાકૃતી અપાર. વાહ.

ચમકી ચમકી ચતુરા.

લાલા, લાલા, હો નટવર લાલા, સરણાંગત દાસ તમારા;
આવે છે, આવે છે પ્રભુજી આજે, તુજ મુખ નીરખવા કાજે;
વૈશ્નવ, વૈશ્નવ મંડળી તુજ પાસે, આવે અતી ઊલાસે;
લાગે, લાગે પ્રભુજી તુજ પાયે, અંતર ભક્તી તુજ રાખે;
મહેકે, મહેકે, સુગંધી પુષ્પ કેરી, વાઘ ચળકે અતી સોનેરી;
સુવર્ણ સુવર્ણ તણા સણગારો, પ્રભુજી અંગે ધારો;
નવીન નવીન પાક બનાવે, તેના અણકુટ ધરાવે;

અનેક, અનેક, તરેહની ભાજી, ધરાવે તુજ આગળ દાદાજી;
સમા, સમા, તણા તો દરશન, કરી થાયે ભક્ત જન પરશન;
માગે, માગે પુંજાલાલ તુજ પાસે, સુત પ્રાણજીવન તણો આજે;
સુધજ સુધજ, બુદ્ધી પ્રભુજી અર્પો, વૈશ્ય ધર્મ પ્રભુજી પૃવર્તો.

નકી મારા છે એ પ્યારા.

પ્રભુ ગુણ મુજને લાગે વહાલા, ભલે લોક નીંદેરે,
હૃદયામાં રાખો, રામ નામ જાપો, એ છે પ્રાણ પ્યારારે. પ્રભુ

સાખી.

ભક્તી સમુદ્ર મુક્તીનો, સત્ય સરળતા છે નાવ,
જ્ઞાન વૈરાગ્ય ખલાસીઅરે, આ અવની મોઝાર. પ્રભુ

સાખી.

અલ્પ જીવનમાં એહને, મેળવું કરીને પ્રયાસ,
સહન કરૂં હું સહેલથી ભવ દુઃખ ભવ દધીમાંય. પ્રભુ

માન મુકાવું ભાન ભુલાવું.

કુચ્છંદ તજીને, માન મુકીને, સત્ય વક્તા થાઓ વીર,
કામ ક્રોધ લોભ દ્વેસ તજીને, ભક્તિ થી રણધીર કુચ્છંદ
અનુસંધાન રહી પ્રેમ ધરીને, શ્રી કૃષ્ણપર નીરધાર,
તેતો તમને નીચ્ચે તારશે, ધીર ધરો નરનાર,
રામ તજીને સભા રહે જે જાય નર્ક મધે નીરધાર. કુચ્છંદ
ઝાઝું મુખ શું બોલી બતાવું, પણ જુઓ એક દ્રષ્ટાંત,
છળ કપટ કરી અહલ્યા સાથે, ઇંદ્રે કર્યું ઘોર પાપ,
ગાતમ રૂપી કેરા શાપ થકી તે, સહસ્ત્ર ભગંદરી થયો આપ. કુચ્છંદ

અહલ્યા પોતે સલ્યા થઈને, પડી પૃથ્વી મોઝાર.
અનુગ્રહ આણી, રામ રેજ સ્પર્શીથી, થઈ શુભ રૂપ નીરધાર
તે ખાતર તમો આણી તજોને, પરધન સંગ પરનાર. કુછંદ

રસીક મધુર ગાખનાર.

પ્રભુજી જન્મ ગરાથી મુને, દુર કયાં કરો.
લાખ્યો અને મોહ પાશ, આ હું થયો. પ્રભુજી
જન્મ થકી દુનીયા માંહી, કપટ બહુ કર્યા,
સાચાં જુઠાં જગ બોલી, પેટ તો ભર્યાં.
વ્યભીચાર દુષ્ટ ગુણ ધરી, પાપ બહુ કર્યા. પ્રભુજી
જુવાની મદમાં માહાલી, સ્મરણ ભુલી ગયો.
કોણ પોતાનો નવ પાળી, કલંકીત થયો,
માફી માગે મુંજાલાલ સુત પ્રાણજીવન તણા. પ્રભુજી

શું નટવર વસંત થેઈ થેઇ.

શ્રી રઘુનાથ વૈશ્નવ મંડળી આજ ગાઇ રહી
ગાઇ રહી, રંગ રાચી રહી, શ્રી રઘુનાથ

સાખી.

રૂમઝુમ ઘુઘર શબ્દ કરી, ઘેરાયે મનમાળ.
તાલ તંબુરો લઇ અરે, પ્રભુજી તણા ગુણ ગાય.
વાજા, ભુંગળને મૃદંગ, તનમાં અતી ઉમંગ,
ચંદન ચર્ચી કપોળે મુક્ત રોળી શાઇ થઈ. ગાઇ રહી રંગ

સાખી.

હર્ષ પ્રફુલિત થઇ ખરે, ભક્ત જન સમરે શ્રીરામ,
વીધી ઉપચારો ભણી, વરતાવે જય જયકાર.
કઠણ હૃદય પીગળી જાયે બોધ સાંભળતાંરે.
ભક્તી રસ પસરે અંગમાં, કીરતન કરતાંરે.

સાખી.

મુખવાસ તો મહેકે અતી, સુકોમળ દીસે કાય.
ચંચળ ચીતવૃતી તુજ પ્રભુ મુખે વર્ણવી નવ જાય.
કમળાદી પુષ્પની માળ, અંગ દિપ ધુપનો પ્રસંગ.
રંગ રાગ ગાનતાન વીણા ગાજી રહી. રાજી થઇ—રંગ

મારારે કળની ? ૯.

જાગોરે શ્રી નટવરલાલ, જાગો શ્રી શામળીયાલાલ
કાપો દુઃખ, થઇ સનમુખ, કરો સુખ, અર્પી અંબુટ
દયા લાવી મનમાંય.
જાગોરે પ્રભુ કૃપાળું, જાગોરે પ્રભુ દયાળું,
દીસે છે સુરત પ્યારી, છે તમારી બલીહારી,
નથી કો અવર પ્રભુ, તુજવીણ સહાયકારી
ઊઠો ઊઠો શ્રી નાથ પ્યારા, તજો નીંદ્રા તમારી
આવ્યા છે શેવક તમારા, કરવા ભક્તી તમારી
તમ સંગ સુખકારી, નથી કો અવર મારી
રમશું, જમશું, ભળશું, ભક્તશું, આંખીશું,
ઊઠોરે શ્રી નટવરલાલ છો બહુ શુ સ્યાણા

સગાં સહોદર આદી જન, થાયે પસાથી પ્રશાન, કદિયે નહીં
સાથ નીરધન. ધારે.
વદે પુંજાલાલ ખરો, સુત પ્રાગજીવન તણો, ધરો ધ્યાન
શ્રી નાથ તણો. ધારે.
વૈષ્ણવ ધર્મ વણીક જ્ઞાત, દશાદિસાવાળ કહેવાય, રહું
અમદાવાદ માંહ્ય. ધારે.

આશા ગોડી.

સંસાર સાર અસાર, સમજ મન સંસાર સાર અસાર.
માત પીતાને ભગ્ની ભ્રાતા, નારી ને વળી નાથ. સમજ
સર્વે ભેળાં મળી લાડ લડાવે, અંતે અલગ થનાર. સમજ
સુખમાં સ્નેહ સાચો બતાવે, દુઃખમાં ભાગ ન લેનાર. સમજ
મોહ માયામાં લપટાતો નહીં પ્રાણી, અંતે ખરાબ કરનાર. સમજ
માયા તજી પ્રભુને સમરી લે, સરવ સુખ દાતાર. સમજ
દાસ પુંજાલાલ એમ વીનવે તુજને, સર્વેનો એક કરતાર. સમજ

ધીક નેથી અની.

ધીક દુરાચારી, તુને શરમ ન આવી કંઈ
શ્રી રણછોડ ભુલીને ભમ્યો લક્ષ ચોરાશીની મહીં
જેણે જન્મ આપ્યો તને, સમર્યો નહીં તે તેને
આજ્ઞા ઉલંગી તેની, પડ્યો પાપ પંજા મહીં
હાં મુરખ, હાં મુરખ, સમજને મન મહીં
પથ્થર ઉપાડી પોતે, પગપર મારે છે.
હાય સુમતીને મુકી, કુમતીને પાસ રાખી

અનેક પ્રપંચ ઊઠાવી, પાપી પેટ ભર્યા છે
પણ તું સમજ બચ્ચા જગકર્તા છે નહીં કાચા
એકજ ક્ષણની માંહી, કરે રંક અને રાજા
માટે તું સમજ પ્રાણી, સમર શ્રી સારંગપાણી
તોતો કરશે રક્ષા તારી. ધીક દુરાચારી.

પામ્યો જનુનીનું સુખ નહીં.

પ્રભુ ભજ્યા નહીં મેંતો સમજુ, હા પાપી, હાય પાપી
ભટકયો લક્ષ ચોરાશીની માહીં, „ „
તોપણ સાન ન આવી તુજને, „ „
દયા કરી શ્રી ઠાકોર તુજને, „ „
અર્પી મનુષ્ય દેહજ તુજને, „ „
જે દુર્લભ છે દેવતાને, „ „
માટે રટણ કર શ્રી હરીનું „ „
ભૂલી ફસાજે માં તું ફરીને „ „
કર કલ્યાણ દુરાચાર તજીને „ „
વંદે પ્રાણજીવન સુત શ્રીજીને „ „
માફી માગે પુંજાલાલ તુજ પાસે „ „
માફી બક્ષ તું દાસ જનને, જેછે પાપી હાય પાપી

કહેજે તારા રાજાને

વૈશ્નવ જન નમે, ઓ પ્રભુજી તુને
પ્રભુજી તુને દીલમાં ધરી ખરે વૈશ્નવ.
કીરતાર છો સીરતાજ, વંદી નમન કરે બાળ

આવ્યા આજ, દરશન કાજ, મળી નરનાર. વૈશ્નવ.
હરખ ધરીને તુજ ગુણ ગાવે, જન્મ સફળ તેનોજ કહાવે
તોપણ પીતું, રક્ષણ કરતું, વારોવાર વદું. વૈશ્નવ.

ભલે આવ્યા પ્યારારે.

કરો સમરણ પ્રાણીરે, શ્રી ડાકોરનાથ પ્યારા.
સુભ સુખ આપે, સહુ દુઃખ કાપે
જીવતાં લગી પ્રાણીરે, શ્રી ડાકોરનાથ પ્યારા. કરો.
જગતમાં શ્રી રણછોડ સમ અવર ન જાણીએ
જીવન આધારારે, શ્રી ડાકોરનાથ પ્યારાં. કરો.
સુધ્ધ મનથી ભજો, શ્રી મારંગપાણી શ્રી કૃષ્ણ
ભવદધી તારોરે, શ્રી ડાકોરનાથ પ્યારા. કરો.

કંથ વીણ હાય હું છું.

ફસાયો છું હાય સંસારની માંહી, પશુપક્ષી જેમ જાળની મહીં.(૨)
પ્રભુ આશ્રયથી મોટો થયો હું, રમુ જમુ દીનરાત
હર્ષ ભેરથી જીંદગી ગાળું, કેવળ અજ્ઞાનની માંય. ફસાયો.
ભક્તી રસ જેણે પીધો નહીં, અરે આ સંસારની માંય
જન્મ તેણે ગુમાવ્યો વૃથા, ફોગટ મારી જનુની ભારે હાય. ફસા.
મનુષ્ય દેહ મુરખ તેં ધારી, આ અવની મોઝાર
પાપ કરતાં પાછું જોયું નહીં, હવે કેમ થશે ઉદ્ધાર. ફસાયો.

જેણે પ્રેમ સુરા નહીં.

પ્રાણી ભક્તી રસ નવ પીધો (૨)
તેણે આ જગમાં સહુ જોતાં, જન્મ વૃથા કરી દીધો.

લીન થયો નહીં તજી અભીમાન,
કોલ પુરો નવ કીધો. પ્રાણી.
અર્પ્યું નહીં તનમન પ્રભુ પાસ,
સાર એહો નવ સીધો. પ્રાણી.
દાન દયાનું નામ લીધું નહીં
તેને યમરાજ કરશે સીધો. પ્રાણી.

જપતી પ્રીતમની જપમાર.

પ્રાણી જપને શ્રી રણછોડ આકૃતી મોહનગારી.
વસે વાહાલો ડાકોર ગામ, છે અતી ઉપગારી.
વરીયા લક્ષમી રમણી સારી, જયકારી. પ્રાણી.

સાખી.

પ્રત્યક્ષ દેખાડે દાખલા, ઉપમાનો નહીં પાર.
ભક્તની પાછળ તે ભમે, બચાવે કરીને સહાય.
દૈત્ય દુશમન નીવારી વિજય વધારી. વરીયા.

સાખી.

પ્રભુ તણી લીલા ખરે, છે અગણીત અપાર.
ભમ્યા ઘણાએક ભક્ત જન, પામ્યા નવ કાંઈ સાર.
અકળીત લીલા શ્રી રામ તણી જાઊં બલીહારી. વરીયા.

સાખી.

પાપ મુજ કંઈ જન્મજ તણા, કાપો હે વિશ્વનાથ.
કુમતી કાપો મોરાર માહરા, સુમતી અર્પો તુજ બાળ.
નમે પુંજાલાલ તુજ પાયે જગતાત ત્રીપુરારી વરીયા.

નમું પદે શ્રીરજાપતીને.

નમન કરીએ પ્રભુ ચરણમાં આજે
ભક્ત વત્સળ હો દીનદયાળું, જગમાં નથી અજાણ્યું
દયા કરી બાળ હવી પાર ઉતારો. નમન.
સાગર મધ્યે નવીન આ ઝાઝ, નથી સંગ અને સાથ.
શત્રુ પુશકળ આ જગમાંય, કોણ કરે અમારી સહાય.
પુંજાલાલ વદે બાહ્ય, પુણ્યવાન ઉતરશે પાર,
દયા કરી હવી પાર ઉતારો.

મહારાજ કુંવર આવો.

શ્રી નાથ ક્ષમા કરો, છું પુત્ર તમારો,
વહારે મારી આવો, મુજ દાસ ઉગારો,
કૃપાળુ, દયાળુ, ધર્માળુ, શ્રી નાથ
સુરતી પ્રભુ આપો, મુજ પાપ નીવારો,
દુર્મતી દુઃખ કાપો, ભવપાર ઉતારો,
મુજ ભાગ્ય ઉદય જાણું, સંત સમાગમ થયો,
પ્રાણ સુત પુંજાલાલને, હરી મુક્ત તો કરો. શ્રી નાથ

અંતરમાં આણંદ આણંદ.

લાગી લાહ મુજ અંતર મધે, પાપ કર્મ તણી ખરી,
પ્રભુજી એ મહેર કરી, પાપ પંક ગયો વહી. લાગી.
પ્રફુલીત વદન પ્રભુ ધોરીખર, શશી સમ કાંતી ભઇ,
મુખ તુજ નીહાળી જોતાં, સાંતી હૃદયમાં થઇ ગઈ.

સ્વરૂપ દેખી કામદેવ અરે, લાજ્યો મનમાં પોતે સહી.
રતીએ પોતે માન મુકયું, કીર્તી તુજ ગાજી રહી. લાગી.
ભક્તી રસ પીધો નહીં, આ જગતમાં જેણે અરે,
પુંજાલાલ વદે રે ભાઇઓ. વૃથા જન્મ ગયો ખરે. લાગી.

ચળકતી જળકતી કામંનીરે.

મલપતા તલપતા પ્રભુજી પ્યારા રે લાગ્યા નેણ બાણુ અંતર અરરરરરે.
મોર મુગટ કલગી શોભે માંથે, લાગે મોહ કટારી અંતર સરરરરરે. લા.
ઇચ્છું અરેરે નાથ ભક્તી તમારી, ભવોભવ મળજો गीरधारीरे. ला.
દાસ પુંજાલાલ વીનવે તુજને, મુને તજસ શ્રી नाथजीरे. લાગ્યાં

પધાર્યા કયાંથી કોડીલા કામરૂપ ધરી.

બંસીધર પ્રભુજી તમે મહેર કરો
દયા દીલ ધરો, રંક તણો ઉધ્ધાર કરો (૨)•
સુમતી અર્પી બાળ તુજ સુખી કરો. કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ, બંસી
કામ ક્રોધ લોભ મોહથી મુક્ત કરો,
દુરાચાર દુર્મતીથી અમને દુર કરો,
મહેર પ્રભુજી કરો, ખટચોર હરો. (૨) क्रुष्ण, क्रुष्ण, क्रुष्ण क्रुष्ण
બંસી.

દયા દાન નીજ ધર્મ બાળ પસરી રહો•
રૂંવે રૂંવે श्री क्रुष्ण તણું નામ ઠરો
જન્મ સફળ કરો, સંત સમાગમ ધરો. (૨) क्रुष्ण, क्रुष्ण, क्रुष्ण.
क्रुष्ण. બંસી.

ભાવથી કરીએ સર્વ પુજા આજે.

મોરાર મંહેર કરો, પાપ હરો, શ્રી કૃષ્ણ પરમદયાળ
પુષ્પ પૃવાહથી ભક્તી પ્રગટી થયો જયજયકાર. મોરાર
મથુરા લીયો અવતાર, કરવા ભક્ત તણી તો સહાય
કૃષ્ણ પક્ષકી તીથી અષ્ટમી, માસ ભાદ્ર બુધવાર. મોરાર
ધર્મ ધોરીંધર ધીર, દૈત્યોના હર્યા હીર
પંચાળીના પુર્યા ચીર, પ્રભુ ચરણ નમાવું શીર. મોરાર
અરજ કરૂં પરમદયાળ, તુમ બાળની લેજો સંભાળ.
છો ભક્ત તણા સાહાયકાર, વીનવે પુંજાલાલ તુંજ બાળમોરાર

મારી નિર્મળ પ્રાણની પ્યારીને.

શ્રી પ્રભુ દર્શન પામીને મન હરખ ભયો હો આજ
ભંડાર તુજ ભર્યા રહે, દાન દયાનો પ્રવાહ
સહાયક નામ ધરાવો જગમાં, ભક્ત કરે પોકાર.
પાય લાગીને, માફ માગીને, કરગરે તુજદાસ. શ્રી પ્રભુ
જગ નીયંતા જીવના તારક, વિભુ વીમળ સદાય,
સત્ય સદાચરણ મનમાં જે ઊઠે, તે કયમ કરી ઢુપાય,
ભક્ત રક્ષણ શ્રીચતરભુજ, આપો મુક્તી રાય. શ્રી પ્રભુ
લક્ષ ચોરાશીનો ફેરો ટાળો, છુટે સંસારની જાળ,
મોહ માયા સહુ ભસ્મ કરીને, કર્મ રીપુ સંહાર,
વૈષ્ણવ ભક્તની અરજ ઊરધારી, આપોને ઉધાર. શ્રી પ્રભુ

રે ના બોલો આવી વાત.

લાગી સુરતા સામળીયા સાથ, જુગ્તીથી નેણુ સાધી (૨)
યમરાજ ભમેછે શીર, ખટ શત્રુ જેના છે વીર
માટે ભજને શ્રી રણુધીર, ભજને શ્રી રણુધીરરે
સુરતા સામળીયા સાથ, લાગી સુરતા સામળીયા સાથ.

સાખી.

દુષ્ટ દુરગુણો ત્યાગીને, કરવા ધર્મ પ્રકાસ
ભક્ત જન ફરે વિદેશમાં, કરવા જ્ઞાન વીકાશ.
જુગ્તીથી નેણુ સાધી, લાગી સુરતા સામળીયા સાથ.
પ્રભુ પાયે લાગે ભક્ત રાજ, થાવા પ્રાણી તણો ઉધાર
દધી ડુબતાં ઝાલો હાથ, દધી ડુબતાં ઝાલો હાથરે. લાગી.

દેખ્યા ભાઇ દુઃખના.

શ્રી રણછોડ ભવજળ તારોરે, (૨)
સ્તુતી શ્રી નાથ મારી માની લીજીએ
ઝેરી જ્વાળમાંથી બચાવોરે, ઝેરી જ્વાળમાંથી બચાવો
તુજ પ્રેમ રસ અમૃત હેતે પીજીએ.

સાખી.

સંસાર સાગરમાં પડી, દુઃખ સુખ સાથે અડી
કર્મ બળે તે મેં સહી, હવે તારો તમો શ્રી હરી
પ્રીતે મળ્યા નીર્ગુણ જ્ઞાની, બુડતાં તારો તમે
જગતાત નાથ કૃપા કીજીએ, ભવકુપમાં પડીયા અમે

ફરી વીષય જાળમાં, રખડયો, રવડયો પ્રભુ
નહીં સુખ પામ્યો દુઃખ પામ્યો, ભાવ બીચ પડયો વિભુ
કર્મો કરી, ફર્યો ફરી, તે પછી પોશાક મેં કરી
તુજદાસને કરજ્યો કરૂણા, સાંભળી સાનંદ વિશ્વંભરા.

અહા નરનાથને નમીં જંપ જાયો.

વદું શું મુખે ગાઉં હું, છે બાત આકરા.
શર્મ, મર્મ કર્મ તણી, ભજ વિશંભરા. વદું.
અનંત કોટી જીવ મધે, દેહ તેં ધર્યો,
સુકર્મ પૂર્વ પુણ્ય થકી, માનવ જન્મરે મળ્યો. વદું.
આ ભવમાં સુકીત કરી લે, ફરી ન મળશે તેહ
કુકર્મ કરી મુર્ખ પ્રાણી, ખોટો ન ધારીશ નેહ. વદું.
પરપોટા પાણીના જેવી, દેહ તારી છે
પલકમાં તે નાશ થાશે, ભરૂંસો ન ધારજે. વદું.

'વટ સાવીત્રી વૃત આજ પુરણ કરીએરે.

સાચા સાચા આચારજી માહારાજ રંક જન તારેરે
રાખે રાખે ગરીબની લાજ, પાપ નીવારેરે
જે છે જગકર્તા શીરતાજ, દુર્મતી કાપેરે
આપે શુભ અવીચળ રાજ, લાજ વધારે રે.
નંદના બાળને સેવીએ સદા;
યશોદા માત પવીત્રરે,
દુઃખ નીવારી વૈશ્નવ જન તારીએ.
લક્ષ ચોરાશીના ફેરા ટાળજો પ્રભુ

આચે શેવક તમારી પાસરે,
દુઃખ નીવારી પતીત જન તારીએ. સાચા સાચા

માથે મુગટ કલગી શીર શોભે,
કેશર ચંદન ચર્ચ્યું ગાત્ર અંગે,
ભાવીક જન ભજી ઊમંગે, કૃષ્ણ ગુણ ગાઓને હરખે.

કમખાની સુરવાલ સુંથણ સોહાવે,
જરકશી જામા ગહુંત પહેરાવે,
ભક્ત જન મોતીડે વધાવે, કૃષ્ણ ગુણ ગાઓને હરખે.

વિશાળ મંડપ શોભે છે રૂપાળો.
ઘુમટ દેખી જન હરખાયો,
રૂપા જડીત હાર રઢીઆળાં. કૃષ્ણ ગુણ ગાઓને હરખે.

સખી આવી હરી ગુણ ગાવોરે ગાવો,
નહીં મળે ફરી ફરી અવસર આવો,
મરણ જનમ ભય ટાળો. કૃષ્ણ ગુણ ગાઓને હરખે.

રાજનગર ના રહીશ છે રે કર્તા,
વૈશ્નવ ધર્મ માને છે નીરંતર,
સ્થળ છે સાહાપર માંહે કૃષ્ણ ગુણ ગાઓને હરખે.

જન્મ ધર્યો દશા દિસાવાળ માંહે,
માત પાર્વતી સ્વર્ગે સોહાવે,
તાત પ્રાણજીવન કહાવે. કૃષ્ણ ગુણ ગાઓને હરખે.

દેખી દેખી તેરી વફાદારી.

પ્રભુજી સુરત અતી મનોહારી, લાગે તનમનથી તે પ્યારી.
અરે હાં, રે હાં, રે હાં, રે હાં......................પ્રભુજી
પ્રભુજી દર્શન થકી નરનાર, દુઃખ સઊ કપાય
પાપી પાવન થાય, સુણો નરના............ રી. પ્રભુજી
કપટ ધારી જે જન જાય, પ્રભુ ધામની માંય
પસ્તાવો ઘણો પછી થાય, પ્રભુજી ડરભા.......રી. પ્રભુજી
યાત્રા કરે જે નરનાર, સુંદર ધામ દેખી હરખાય
સફળ તેનો મનુષ્યા દેહ અવતાર, વદુ વાત સાચી. પ્રભુજી
દીલમાં ધરે જે કો જન ખાર, વળી કરે નીચ નીંદાય
ખરે ખર માફક તે જન ગણાય, ધરો દીલ સા...ચી. પ્રભુજી

અબચલેન મોહન તેરા.

કરો (૨) કરૂણા પ્રભજી મારા, સુમતી સુખ અર્પો પ્યારા.
સાંતી સાંતી વ્યાપો સઘળે, કલેશ, કપટ ભરાયું ઢગલે,
કાઢીને બહાર, અર્પોને હામ, કરોને સહાય, તુજ ગુણ ગાવા સુમતી
જન જે મગરૂબીમાં મા'લે, ઊલટી સલાહથી ચાલે
રોળાયો રાવણ રાયે.
તેમ તે રોળાય, કુળ ક્ષે થાય, લક્ષ્મી દુર જાય, બને બેહાલ
સાચું માનો બાત મારા, સુમતી

ચાલો ચાલોરે હાં હાં રે

સાચું સાચુંરે હાં હાં રે ...... મુજ ભગની ભ્રાત, ભક્તી કરવાથી
જન્મ ધરીરે હાં હાં રે .. ... સિધ કરો તુમ કાજ, સુમતી સંગથી
ગુમતી તરછોડી, કુમતી ધારીશ તો, મળશે શું તેમાં લહાણુંરે.
યથા શક્તીથી પુણ્ય તણું તો, કરને પરમારથ કામ. ભક્તી
દાન દયાથી મોક્ષરે મળશે, થશે સફળ તુજ કાજરે;
વળી સરળતાને વીવેકથી, મળે વૈકુંઠ સુખ ધામ. ભક્તી
ચકુ ઉરફે પ્રાણજીવન સુત આજે, વદે પુંજાલાલ સાચરે
પરધન પરનાર તજ્યાથી, મળશે અક્ષય સુખ કુંડ. ભક્તી

સખી વીરહી જનની પીડ.

સામળીયા સુંદર શ્યામ, મુરત પ્યારી છે;
લાગે સરરરરર નેણ તુજ બાણ, અંતર ભેદે છે;
આવું દર્શને માહારાજ, ચીત મારૂં ચોરે છે;

સાખી.

સ્નાન કરી પુજા કરૂં, ધારૂં એકજ ચીતે ધ્યાન
પુષ્પ ચઢાવું પ્રેમથી, પ્રભુ હરખ ધરીને રોજ, મુજ તનમન ધનથી.
વળી વળી લાગું તમારે પાય, ગુરૂ મંત્ર ઉપચારી. સામળીયા

સાખી.

તુજમાં ચીત્ત પ્રોવું હરી, જેમ પનીઆરી બેડાં સાથ
કુમતી કુચ્છંદ અળગા કરો વિભુ, હે જગતાતા, જગભ્રાત, અરજ

ઊર ધારોને, લળી લળી માફી માગું માહારાજ, બંધન
મુક્ત થાવાને. सामर्थीया

કર કરૂણા જગનાથ,

તારો તારો હે જગતાત, તુજ બાળ તારો હે જગતાત
રંક જન ઇચ્છે ન આ સંસાર, જગમાં જન્મી પ્રાણપાળ,
કરો કરો ક્ષમા હે જગનાથ, તુજ બાળ તારો હે જગનાથ.

દાવાનળ લાગે, સંસારની માંહી
બચાવે નહીં કોઈ, આ જીંદગી માંહી
ચાર અવસ્થા, ભોગવી જગ માંહી
ખટ શત્રુ થયા સાથી મુજ આંહી.

(ગધ્ય) પાપી જીવ દુષ્ટ સાથી તજીદે

મુને છોડ નહીં એ જગનાથ, તુજ બાળ તારો હે જગતાત

હાય હાય પાપી, હું છું અભાગી
બન્યો ખરેખર, હું નીરભાગી
થયો અરેરે, હું ક્રોધી ને કામી
પ્રભુ નીરખવા કરી મેં ન મરજી
જગતાત નાથ કર્યા નહીં રાજી

(ગધ્ય) અભાગી જીવ આગળનો વીચાર કર

શું કરૂં વિચાર હે નાથ, તુજ બાળ તારો હે જગતાત
વૃદ્ધાવસ્થા પડી ગઈ આંખ, તુજ બાળ તારો હે જગતાત.
તારો તારો.

શું સ્વરૂપ સુંદરીનું વચનથી વખાણુ.

કૃષ્ણ નામ ધ્યાન ધરો, હર્ષ મન આણી,
ચવરાજ માંથે ફરે, મનુષ્ય દેહ જાવી.
નંદ તણા થયા પુત્ર, કર્યું સ્થાન ગોકુળ ગામ
રટણ કરીએ પ્રીત ધરી, કીરતાર સઉ જાણે
વૈશ્નવ ધર્મ અર્પી અમને ઉપકાર બહુ કર્યો
નીતી રીતી અર્પી અમને, તાપ સૌ હરો.

આજે ઉલાસે, વિલાસે.

આજ હરખે, સામળીયા સંગે, રમીએ રાસ, થઇ રાજી થૈઇ થૈઇકાર
નમીએ, પુજીએ, પાવન થઇને, રમીએ, સૌ મળી રાસ
દયા દીલ ધરી, ભવ કષ્ટ હરી, કરો કૃપા જગદીશ તું જબાળ. આજ
તનનન તોમ તોમ, થનનન થોમ થોમ, થેઈ થેઈ તુજ દરબાર
ધી તીરકીટ તકધા, ધી તીરકીટ તક, ધી તીરકીટ તું તાર. આજ
વણીક દીશાવાળ પ્રભુજી, નમી નમી લાગે તુજ પાય
સનનન સુમ સુમ, છનનન ઝુમ ઝુમ, પુંજાલાલ ગુણ ગાય. આજ

રહી વસી હૃદયમણી રમણી.

સુરતી લાગી સામળીયા નાથ તણી.
સુખકર આકૃતીએ, ચીત્ત મુજ ચોર્યું છે,
ચળકે, લળકે, સુરત તુજ ધ્યાન ધરીએ. સુરતી
મનહર સુરતી પેખી પ્રફુલીત થાઉં છું

ડગલે, પગલે, ચાલીને, આવીને, સુદ્ધ ચીત્તે પેખીએ.મુરતી.
મન માંહી સમજી વીર ધારીને રહેયાજી ધાર
શીરથી, પ્રીતથી, ચાલીને, આવીને, પ્રભુ પદ પુજીએ.મુરતી.

મારા પતી પરવશ હવે.

માનું મનમાં એકલો, આ દુનીયા મહીં
શ્રી કૃષ્ણ પરમદયાળ વીના, સહાયકાર કોઈ નહીં. માનું.
કામ ક્રોધ લોભ મોહ. માન મત્શર દંતી દ્વેસ
મારી દીલમાં દુષ્ટ શત્રુ, પ્રફુલીત થતો અહીં. માનું.
કુકર્મ કુચ્છંદ શત્રુ થકી, પીડાતું અહીં
મુજ કૃત્ય તણો શો જવાબ, દઈશ હું નહીં. માનું.
આ પિંજરમાંથી પંખી, ઝટ ઉડી જશે
દેહ છોડી જીવ તણું, કયાં જવું થશે. માનું.

આજ રંગમાં રસીલી પ્યારી.

પાળો પાળો બાળ જગદીશ અરે, નીરાધાર નીરખી તુજ
બાળ ખરે. પાળો.
ચક્ષુ છતાં અંધાપો ભોગવે. પાપી જાળમાં જન જે ફરે. પાળો.
સ્વધર્મ તજી જે ઉલટા ચાલે, ધીકાર તેની જનેતાને દીજે. પાળો.
તું જગદીશ નીયંતા કર્તા. સર્વ સ્થળ વ્યાપક ઘટ ઘટ ફરતા. પાળો.
માગુ ભક્તી તુમ પાસ પ્રભુજી, સુદ્ધ મનથી એક ચીત ધરી. પાળો.

જય જય

કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ નટવર, મુરવીર છો નંદ તણા પ્રતાપી પુત્ર
નીશદીન, દસ દિસ વ્યાપી વ્યાપી ઘટ ઘટ રહયો તુજ અંશ
ચરતે—જયકાર—થૈકાર—થાએ અપાર
સનનનનન, છનનનનન, તનનનનન, થનનનનન, ઝનનનનન
તીરકીટ તકધા—કૃષ્ણ
મનહર મુરતી, સુખમય પ્રભુજી, સુભ છે તુજ આધાર
સકળ સૃષ્ટી તણા છો કર્તા, ધર્મ દયાની ભકતોના દુઃખ
હરતા,—ચરતાં—તુમ ગુણ અપાર
પુષ્પેથી, ફુલેથી રૂપેથી, રંગેથી, રસેથી, કસેથી સુખ વૃષ્ટીથી
સૃષ્ટિની, કષ્ટિને હરીને, દીધી સહાય અપાર—કૃષ્ણ;

સમાપ્ત.

જાહેર ખબર.

સરવે સદ્ગૃહસ્થોને નમ્રતા પૂર્વક જાહેર કરવામાં આવે છે કે નીચે લખેલાં પુસ્તકો નીચે લખ્યા મુજબના સરનામે મળશે. રોકડી કીંમતે મંગાવી લેવાં.

શોખીન દેવી ભકતોને માટે.

શ્રી અંબીકાસ્તુતિ ગાયન સંગ્રહ. રૂ. ૦-૨-૦

પુસ્તક મળવાનાં ઠેકાણાં.

સુરત—મી. બળવંતરાય મોતીરાય ઠે. લલીતાશંકર લાભશં-કરના મકાનમાં નાગરફળીયું—સુરત.

અમદાવાદ—શા. પુંજાલાલ પ્રાણજીવનદાસ. શાહપુર દો-ના ખાંચે મોટી પોળ.

અમદાવાદ.